રજૂ તારીખ :– ૧૭/૦૪/૨૦૨૫
દાખલ તારીખ :– ૧૭/૦૪/૨૦૨૫
જજમેન્ટ તારીખ :– ૩૦/૦૪/૨૦૨૬
અ વ ધિ :– વર્ષ/ માસ/દિવસ
૧ – ૦૦ – ૧૨

# મહે. કોટડાસાંગાણીના પ્રિન્સી. સીવીલ જજ સાહેબની કોર્ટમાં.

**રેગ્યુ. દિવાની મુકદમા નંબર : ૨૯/૨૦૨૫**
**આંક : ૧૨**

**વાદી :–**
**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.**
થ્રુ– ડેપ્યુટી એન્જીનીયર,રૂરલ સબ ડીવીઝન,
રહે. કોટડા સાંગાણી.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી :–**
**ગુજરનાર બચુભાઈ નાનજીભાઈ સોરાણીના વારસદાર,**
**જીવનભાઈ બચુભાઈ સોરાણી**
રહે.ઈશ્વરીયા ગામમાં, તા.જસદણ,જી.રાજકોટ.

**દાવો : રૂા.૧૯,૬૯૭–૦૦ પૈસા વસુલ મળવા બાબત.**

---

વાદી તરફે વિ. વ. શ્રી એમ. સી. દવે,
પ્રતિવાદી તરફે એકતરફી

---

(૧) વાદી તરફે હાલનો દાવો પ્રતિવાદી વિરૂધ્ધ **રૂા.૧૯,૬૯૭–૦૦** પૈસા (અંકે રૂપિયા ઓગણીસ હજાર છસ્સો સતાણું પુરા) વસુલ મેળવવા માટે દાખલ કરવામાં આવેલ છે. દાવાની ટૂંકમા હકીકત એવી છે કે, વાદી કંપની ની સ્થાપના ઈન્ડીયન ઈલેકટ્રીકસીટી એમેન્ડમેન્ટ એકટ ૨૦૦૩ ની જોગવાઈઓ હેઠળ થયેલી છે. જેની હેડ ઓફિસ રાજકોટ મુકામે છે અને તે પૈકીની ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફિસો રાજકોટ જિલ્લામાં દરેક

જગ્યાએ આવેલી છે.અને તે પૈકીની રૂરલ સબડીવીઝનની એક ઓફીસ કોટડા સાંગાણી મુકામે છે.

હાલના પ્રતિવાદી સાથે વાદીએ રજુ રાખેલ ખાતા મુજબ ઓકટોબર–નવેમ્બર–૨૦૨૨ થી ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૪ સુધી વીજ વપરાશનો વ્યવહાર થયો તેના અસલ બીલ પ્રતિવાદીને ડિસેમ્બર–૨૦૨૨ થી ઓકટોમ્બર–૨૦૨૪ સુધીના આપેલા છે તે પૈકી જમાં રકમની હિસાબી નોંધ વાદી કંપનીના લેઝરમાં કરેલી છે તેના આધારે વાદી કંપનીના આ કામના પ્રતિવાદી પાસે **રૂા.૧૯,૬૯૭–૦૦** પૈસા (અંકે રૂપિયા ઓગણીસ હજાર છસ્સો સતાણું પુરા) લેણાં રહે છે આ કામના પ્રતિવાદીના ગ્રાહક નંબર– આર.જી.પી.આર.–૩૯૭૦૯/૦૦૨૭૨/૪ છે. અને તે કોટડાસાંગાણી રૂરલ સબડીવીઝનમાં આવેલ છે. પ્રતિવાદી પાસે વાદીની લેણી રકમ આ સાથેના લેઝરના ખાતામાં દર્શાવ્યા મુજબ **રૂા.૧૯,૬૯૭–૦૦** પૈસા બાકી છે જે અંગે વાદી સંસ્થા ધ્વારા ઉઘરાણી કરતા, તે નહી ચુકવતા વાદીની ''કન્ડીશન ઓફ સપ્લાય '' મુજબ વખતો વખતની લેણી રકમ બાકી હોય, તારીખ : ૨૮/૧૦/૨૦૨૪ ના રોજ રજી. એ.ડી.થી કાનુની નોટીસ આપેલ તેમ છતાં, પ્રતિવાદી ધ્વારા વાદીને લેણી રકમ નહી ચૂકવતા હાલનો દાવો કરવાની ફરજ પડેલ હોવાનું જણાવી અને હાલની દાવા અરજીના પેરા ૫ માં એવી દાદ માંગવામાં આવેલ છે કે,

પ્રતિવાદી, વાદીની વીજ વપરાશની લેણી રકમ **રૂા.૧૯,૬૯૭–૦૦** પૈસા (અંકે રૂપિયા ઓગણીસ હજાર છસ્સો સતાણું પુરા) દાવાના તમામ ખર્ચ સહીત દાવા તારીખથી સદરહું લેણી રકમ વસુલ મળતા સુધી તેના ઉપર **૧૮%** ના ચડત વ્યાજે પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલકતોથી વસુલ અપાવવા વાદીના કંપનીના લાભમાં હુકમનામું કરી આપવા તથા દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસે અપાવવા તેમજ આ દાવાને અનુરૂપ હરકોઈ આનુસંગીક દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) વાદીની હાલની દાવા અરજીનાં કામે પ્રતિવાદી વિરુધ્ધ અત્રેની કોર્ટ ધ્વારા સમન્સ ઈસ્યું કરતાં અને સમન્સ પ્રતિવાદીને બજી ગયેલ હોવા છતાં, આ કામે પ્રતિવાદી તરફે જાતે કે કોઈ

અન્ય મારફતે હાજર થઈ દાવાનો જવાબ રજુ રાખવામાં આવેલ નથી કે કોઈ રજુઆત કરવામા આવેલ નથી,આમ વાદીને પુરતી અને વ્યાજબી તકો આપવા છતાં પ્રતિવાદી તરફે સમયમર્યાદામાં કોઈ જવાબ–વાંધા રજુ કરેલ ન હોય, જેથી આ કામે, પ્રતિવાદી વિરૂધ્ધ હાલના દાવાની કાર્યવાહી એકતરફી ચલાવવા માટે આંક–૧ લગત હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** ઉપરોકત હકીકતે આ કામે આંક–૦૬ થી તા.૦૭/૦૪/૨૦૨૬ નાં રોજ નીચે મુજબનાં મુદ્દા નિર્ણય માટે કાઢવામાં આવેલ છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસેથી વીજ વપરાશની બાકી રહેતી લેણી રકમ રૂા.૧૯,૬૯૭–૦૦/– વ્યાજ અને ખર્ચ સાથે વસુલવા હકકદાર છે?

(૨) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે?

(૩) શું હુકમ તથા હુકમનામું ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) **અંશત: હકારાત્મક,(વાર્ષિક – ૬% લેખે)**

(૨) **અંશત: હકારાત્મક.**

(૩) **આખરી હુકમ મુજબ.**

**(૫)** પક્ષકારો તરફે હાલનાં કામે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**(અ) વાદી તરફે રજુ કરવામાં આવેલ મૌખિક તથા લેખિત પુરાવાઓ :–**

| અનુ. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | વાદી તરફે દિપકકુમાર ભગવાનજીભાઈ |

| | | |
|---|---|---|
| | | ધ્રાંગાનું સરતપાસનું સોગંદનામું. |
| (૨) | ૦૯ | પ્રતિવાદીને રજી.એ.ડી.થી મોકલેલ કાનૂની નોટીસની ઓફીસકોપી. |
| (૩) | ૧૦ | પ્રતિવાદી કરેલા વીજળી–વપરાશનો હિસાબ દર્શાવતો વાદી–કંપનીના લેઝરનો ઉતારો. |
| (૪) | ૧૧ | કલોઝીંગ પુરસીસ. |

**(૬)** આ કામનાં પક્ષકારો તરફે ઉપર મુજબનાં પુરાવાઓ રજુ કર્યા બાદ આ કામ આખરી દલીલ ઉપર રાખવામાં આવતાં વિ.વ.શ્રી એમ. સી. દવે ધ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

**– :: <u>કા ર ણો</u> :: –**

**<u>મુદૃા નંબર : ૧ અને ૨ તથા નં.૩ ની સંયુકત ચર્ચા.</u> ::**

**(૭)** આ કામે વાદીનાં પુરાવા ધ્યાને લેવામાં આવે તો વાદી તરફે વાદીએ સરતપાસનું સોં ગદનામું આંક–૦૭ થી રજુ થયેલ છે. અને પોતાની દાવાની હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ કરી પ્રતિવાદી પાસેથી **રૂા.૧૯,૬૯૭–૦૦** પૈસા પૈસા લેણા થાય છે. તેવી હકીકત જણાવેલ છે. આ કામે વાદીએ આંક–૦૯,૧૦ થી દસ્તાવેજી પુરાવા નોટીસની ઓફીસ કોપી તથા વાદી કંપનીના લેઝરના ઉતારાની ખરી નકલ રજુ કરેલ છે. વધુમાં વાદીએ પોતાના સોગં દનામાંમા જણાવેલ છે કે, પ્રતિવાદીએ વીજ વપરાશના ઓકટોબર–નવેમ્બર–૨૦૨૨ થી ઓગષ્ટ–સપ્ટેમ્બર–૨૦૨૪ સુધીના વીજ વપરાશના બીલના નાણાં **રૂા.૧૯,૬૯૭–૦૦** પૈસા બાકી છે, અને તે તેઓએ ઉઘરાણી કરવા છતા ચુકવેલા નથી. આ કામે સદર સાહેદની જુબાનીને પ્રતિવાદી ધ્વારા હાજર રહી પડકારવામા આવેલ નથી. તેમજ વાદીની જુબાનીને ચેલેન્જ કરેલ નથી. તેમજ વાદી ગુજરાત સરકારનું એક જાહેર સાહસ છે, જેથી વ્યાજ ન આપવામા આવે તો કંપનીને આર્થીક નુકશાન થાય, જેની આડકતરી અસર આમ લોકોએ ભોગવવી પડે, પરંતુ હાલના કેસમા વાદીએ દાવાની રકમ ઉપર જે ટકા વ્યાજ વસુલ લેવાની માંગણી કરેલ છે, તે વ્યાજનો દર વધારે છે, પ્રતિવાદી સાથે વાદી ધ્વારા વ્યાજ બાબતે કોઈ એગ્રીમેન્ટ કરેલ હોય તેવુ પુરાવા પરથી જણાય આવતુ નથી. આ

કામે વાદીએ પોતાની દાવા હકીકતને મહદઅંશે પુરવાર કરેલ હોય ત્યારે માંગ્યા મુજબની દાદ તેઓને નહી આપવા અંગે કોઈ કારણ નથી. પરંતુ વાદીએ જે વ્યાજની માંગણી કરેલ છે, તેટલુ વ્યાજ મંજુર કરી શકાય તેમ નથી. જેથી પ્રતિવાદીને વ્યાજ ૧૮% લેખે વસુલ અપાવવાની દાદ મંજુર કરી શકાય તેમ નથી. પરંતુ હાલના સમયમાં રાષ્ટ્રીયકૃત બેંક દ્વારા આપવામાં આવતા વ્યાજના દર ધ્યાને લઈ તેમજ નામ. સુપ્રિમ કોર્ટ તથા હાઈકોર્ટના જુદાજુદા ચુકાદાઓને ધ્યાને લઈ વીજ વપરાશની વિલંબીત ચુકવણી ઉપર વાર્ષિક ૬ % લેખે વ્યાજ અપાવવાનું ન્યાયોચીત જણાતુ હોય તેથી મુદા નંબર : ૧, ૨ નો જવાબ **અંશત: હકારમાં** ઠરાવી મુદા નંબર : ૩ પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** વાદીનો દાવો **અંશત: મંજુર** કરવામાં આવે છે.

**૨.** આ કામનાં વાદીના વીજ વપરાશની લેણી રકમના **રૂા.૧૯,૬૯૭–૦૦** પૈસા (અંકે રૂપિયા ઓગણીસ હજાર છસ્સો સતાણું પુરા) દાવા તારીખથી વાર્ષિક **૬%** નાં વ્યાજ સાથે વસુલ થતાં સુધી પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા હકકદાર છે જે પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત પોતે ભોગવવો.

હુકમ મુજબ હુકમનામું આકારવું.

હુકમ આજ તારીખ : ૩૦મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : કોટડા સાંગાણી.

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
પ્રિન્સી.સિવિલ જજ, કોટડાસાંગાણી.
**U.I.C. No.GJ01748**